August 2019

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Year 13 • Issue 10 / 150
• Mumbai • Page 12 • Price Rs. 2/-
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 • 22811218 • Mobile: 8779161209 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



પ્રતિબિંબનો આ અંક જ્યારે આપના હાથમાં આવશે ત્યારે પર્યુષણ પુર્ણાહુતીના આરે આવી ગયું હશે. પર્યુષણ પર્વને શાસ્ત્રકારોએ પર્વાધીરાજ તરીકે ઓળખાવેલ છે. આ પર્વના પાંચ મહત્વનાં કર્તવ્યોમાં અમારી પ્રર્વતન(અહિંસા), ચૈત્ય પરિપાટી, અઠ્ઠમનો તપ, સાધર્મિક વાત્સલ્ય અને ક્ષમાપના પૈકી ક્ષમાપના સૌથી મહત્વનું કર્તવ્ય છે. **જૈન ધર્મના પાયાના સિદ્ધાંત જ ''ખામેમિ સવ્વજીવે'' છે.** કોઈક કારણસર આપણાથી તપશ્ચર્યા વિગેરે ન થતી હોય તો અભ્યંતર તપથી કાઉસગ્ગ, ધ્યાન, વૈયાવચ્ચ અને સ્વાધ્યાય દ્વારા પણ પર્વની ઉજવણી થઈ શકે. એમાં પણ ખાસ કરીને જો કોઈનો પણ જીવ દુભાયો હોય તો મન વચન અને કાયા દ્વારા ત્રિવિધ ક્ષમાપના દ્વારા ક્ષમા માંગવી જોઈએ.

**ખજૂરીના પાડાના બાબુ હર્ષભાઈ નરેન્દ્રકુમાર પનાલાલ દ્વારા તેમના વિવિધ ટ્રસ્ટોમાંથી કુલ રૂા. ૧૧ લાખની સખાવત સંસ્થાને પ્રાપ્ત થયેલ છે. વર્તમાનની મોંઘવારીમાં આર્થિક સંકડામણ અનુભવતાં સમાજના જરૂરિયાતવાળા સાધર્મિકો સંસ્થા તરફ મીટ માંડી વધુ સહાયની અપેક્ષા રાખતા હોય છે, ત્યારે સમાજ પ્રત્યે કર્તવ્યની ભાવનાથી સ્વૈચ્છિક રીતે સમયાંતરે અપાતી આવી સુંદર સખાવતો કેટલાય કુટુંબોમાં નવી આશાઓ અને પ્રેરણાનો સંચાર કરે છે તે હકીકત છે. હું ઉપર્યુક્ત દાતા પરિવાર અને ટ્રસ્ટીઓનો અંતઃકરણથી આભારી છું.**

સમાજ શિક્ષિત થાય અને શિક્ષણ પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે એજ ઉદ્દેશથી મંડળની સને ૧૯૧૨માં સ્થાપના થઈ હતી. તેના જ પરિણામ સ્વરૂપ સંસ્થાએ પાટણ ખાતે સમાજના દાનવીરોના સહયોગથી ચાર વર્ષ અગાઉ **આર્ટસ - સાયન્સ અને કોમર્સ કોલેજની** સ્થાપના કરેલ જેનો વિસ્તૃત અહેવાલ **પાના નં. ૪** ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

**પટણી ફોર પટણી** પ્રવૃત્તિને પ્રેરક બળ પુરુ પાડતી **પટણી યલો પેજીસનું પ્રકાશન કાર્ય હાથ ધરવામાં આવેલ છે,** જેનું વિમોચન તા. ૨૪-૧૧-૨૦૧૯ના શતાબ્દી ઉજવણી કાર્યક્રમ દરમ્યાન કરવામાં આવશે. આ ડિરેક્ટરી માટે વ્યવસાયની સંપૂર્ણ વિગતો ભરી સક્રિય સહયોગ આપવા વિનંતી છે. ડિરેક્ટરી પ્રકાશન અંગેની વધુ વિગતો **પાના નં. ૬** ઉપર આપેલ છે.

પર્યુષણ પર્વનું એક કર્તવ્ય એટલે અમારી પ્રર્વતન (અહિંસા) અને તેને જ વાચા આપતી પ્રવૃત્તિ એટલે પાટણ ખાતેની **પાટણ પાંજરાપોળ.** આ જીવદયા પ્રવૃત્તિને વેગવંત બનાવવા દાનવીરો તરફથી ઉમદા આર્થિક સહયોગ પ્રાપ્ત થાય છે જેની વિગત **પાના નં. ૯** પર પ્રસિદ્ધ કરેલ છે.

સંસ્થાની પ્રવૃત્તિઓનું પ્રતિબિંબ એટલે જ આપણા સમાજનું મુખપત્ર **''પાટણ પ્રતિબિંબ''** જે આજે પોતાની કારકીર્દિના ચાર દાયકાપૂર્ણ કરી પાંચમાં દાયકામાં પ્રવેશી રહ્યું છે, ત્યારે તેના આજીમાજી કર્તવ્યનિષ્ઠ સંપાદકો અને સમિતિના કાર્યકરોને અભિનંદન આપતા ગૌરવ અનુભવું છું.

❑ **દિનેશ શાંતિલાલ શાહ**

## તપસ્યા અનુમોદના :

ચાર્તુમાસ પ્રારંભથી પર્વાધિરાજ પર્યુષણ પર્વ પ્રસંગે આપણા સમાજમાંથી અનેક ભાઈ-બહેનોએ કર્મની નિર્જરા કરનાર **નાનીમોટી તપશ્ચર્યા કરી હશે.** અઠ્ઠાઈ કે તેથી વધુ ઉપવાસ કરનાર ભાઈ-બહેનોએ પોતાના નામ, ઉંમર, રહેઠાણ વિસ્તાર, પાટણનો મહોલ્લો, તપનો પ્રકાર ઈત્યાદિ વિગતો **મોડામાં મોડી તા. ૧૫-૦૯-૨૦૧૯ સુધીમાં મંડળના કાર્યાલયમાં લેખીત મોકલવી.** મળેલ તપસ્વીની યાદી અનુકુળતાએ પ્રતિબિંબમાં પ્રકાશિત કરવાના પ્રયત્ન કરીશું, **ત્યારબાદ મળેલ વિગતો પ્રગટ કરવામાં આવશે નહીં.** જેની સર્વેએ નોંધ લેવા વિનંતી.

જે તપસ્વી ભાઈ-બહેનોએ **માસક્ષમણ/શ્રેણીતપ/સિદ્ધિતપ કે વરસીતપની ઉગ્રતપશ્ચર્યા કરી હશે તેઓના ફોટા છાપવાનું નક્કી કરવામાં આવેલ છે,** તો તેવા તપસ્વીઓએ પોતાનો 'રંગીન ફોટો પાછળ નામ લખીને' મંડળના મુખ્ય કાર્યાલય ખાતે તા. ૧૫-૦૯-૨૦૧૯ સુધીમાં મોકલાવી આપવા.

**નોંધઃ** આપની વિગતો અને ફોટો મંડળના મો. 8779161209 ઉપર પણ મોકલાવી શકાય છે. WhatsApp કર્યાબાદ ફોનથી જાણ કરવા ખાસ વિનંતી.

❑ **સંપાદક સમિતિ**

# PATAN CO-OPERATIVE BANK LTD.

75 RASIK NIWAS, PATAN JAIN MANDAL MARG, MARINE DRIVE,
MUMBAI – 400 020. Tel: 22819403 / 22815290 / 22817444 Fax: 2281 6513
Email- patanbank@yahoo.co.in

## ANNOUNCES 7 STARS LOAN SCHEME FOR BUSINESS/INVESTMENT/ EDUCATION/PURCHASE OF VEHICLE/PROPERTY

| 1ST | 2ND | 3RD | 4TH |
|---|---|---|---|
| RS. 3 Lakhs Loan to All Small Business Entity | Loan Upto Rs.3 Lakhs specially for Exihibition of Patan Jain Mandal | Car Loan/ Auto Finance/ Vehicle Loan | Loan For Investment In NSC |
| ***No Security*** | ***No Security*** | ***Against Car/Vehicle*** | ***Against NSC (Margin 10%)*** |
| Upto 3 Lakhs @ 12.50 % p.a | Upto 3 Lakhs @ 12.50 % p.a | Upto 40 Lakhs @ 9 % p.a | 1 Lakh to 10 Lakhs @ 9.50 % p.a Investment in NSC Rs. 1 lakh will grow to Rs.1,46,254/- after 5 years at current rate 7.90% p.a. |
| ***Two Guarantors*** | ***Two Guarantors*** | ***Two Guarantors*** | ***No Guarantors*** |
| Monthly Repayment of **Rs. 2250/- per 1 Lakh** for 60 months | Monthly Repayment of **Rs. 2250/- per 1 Lakh** for 60 months | Monthly Repayment of **Rs. 2076/- per 1 Lakh** for 60 months | Monthly Repayment of **Rs. 2100/- per 1 Lakh** for 60 months |
| for Increase in Business Int. allowable as Business Exp. as per I.T. Act. | Pre sanction to all Exihibitors of current/ Last year | | |

| 5TH | 6TH | 7TH |
|---|---|---|
| A) Education Loan for Education In India<br>B) Education Loan for Higher Education Abroad | Loan to Corporate / Industrial Employees Upto Rs. 3 Lakhs | Housing Loan for purchase of flats/Row House or Bunglow |
| ***Against Collateral Security*** | ***No Security*** | ***Against Mortgage Security*** |
| Upto Rs. 20 Lakhs for Studies Abroad @ 9% p.a<br>Upto Rs. 15 Lakhs for Studies in India @ 9% p.a<br>(Upto 5 Lakhs @ 5 % p.a to members of two years Under Member Welfare Scheme) | Upto 3 Lakhs @ 12.00 % p.a For Recovery through Salary | Upto Rs.30 Lakhs @ 8.75 % to Womens & @ 9.00 % for others |
| ***Two Guarantors*** | ***Two Guarantors*** | ***Two Guarantors*** |
| Monthly Repayment of **Rs. 2076/- per 1 Lakh** for 60 months (Interest diff. under Member Welfare Scheme will be credited in Loan A/c. on Monthly Basis) | Monthly Repayment of **Rs. 2224/- per 1 Lakh** for 60 months | Monthly Repayment of **Rs. 2064/- per 1 Lakh-for Women**<br>**Rs. 2076/- per 1 Lakh-for Others** for 60 months |

**Sailent Features :**
A) Simple process
B) Fast Disbursment
C) Easy repayment

**Other Conditions :**
A) Share Linkage 1 % of Loan Sanctioned
B) 0.5% Processing Charges

We also offer working capital / Overdraft/Term loan up to Rs. 175.00 Lakhs on attractive terms.

ADVT

## તંત્રી સ્થાનેથી...

૧૯૭૯ની ૧૫મી ઑગસ્ટે સૌ પ્રથમ પ્રકાશીત થયેલ આપણા સમાજનું મુખપત્ર 'પાટણ પ્રતિબિંબ' જેને આજે ૪૦ વર્ષ પૂર્ણ થયા અને ૪૧માં વર્ષમાં પદાર્પણ કરેલ છે, ત્યારે જન્મોત્સવના વધામણા આપતા આનંદ અનુભવાય છે.

૪૦ વર્ષ અગાઉ શ્વેત કાગળ અને શ્યામ સહીથી પ્રકાશીત થતું મુખપત્ર આજે આર્ટ પેપર અને મલ્ટીકલરમાં પ્રકાશીત થઈ રહેલ છે. તંત્ર વિજ્ઞાનની પ્રગતિના પરિણામે પોસ્ટ થયા પહેલા અંક www.patanmandal.org ઉપર અપલોડ કરાય છે અને વિશ્વભરમાં વંચાય છે. પાટણ પ્રતિબિંબના માધ્યમે સમાજના લેખક મિત્રો દ્વારા કવિતા કે લેખના સ્વરૂપે થયેલ સાહિત્ય સર્જનનું પ્રકાશન કરવામાં આવે છે, જેમાંથી પ્રતિવર્ષ ત્રણ ઉત્તમ કૃતિઓને **શ્રી નેમચંદ જેશીંગલાલ શાહ (ગુંદરવાલા) સાહિત્ય પારિતોષિક** એનાયત કરી બિરદાવવામાં આવે છે.

મંડળમાં સખાવત કરનાર દાતાઓની નામાવલી, મંડળ દ્વારા થયેલ વિવિધ કાર્યક્રમોના અહેવાલ, પર્યુષણ દરમ્યાન થયેલ નાની-મોટી તપશ્ચર્યાની વિગતો, સારા ગુણાંક મેળવી ઊર્તિણ થયેલ વિદ્યાર્થી મિત્રોની નામાવલી, મહોલ્લાના ઉત્સવો કે મિત્રમંડળ દ્વારા યોજાયેલ કાર્યક્રમનો ટૂંકમાં સાર તેમજ સમાજમાં સિદ્ધિ મેળવનાર સદસ્યોની યશગાથા પ્રકાશિત કરવામાં આવે છે. જેને સમાજ તરફથી સુંદર આવકાર પ્રદાન થાય છે.

પર્યુષણ પર્વ દરમ્યાન ધર્મની વાતો સાંભળવામાં અને સમજવાનો પણ એક લ્હાવો હોય છે આપણને વારસામાં પ્રભુ મહાવીરનું શાસન મળ્યું છે. અપરિગ્રહ અને અનેકાંતવાદ તેમના ઉત્કૃષ્ટ દ્રષ્ટાંતો છે. વર્ષના વચલા દહાડે જ જિનાલય જતાં કે ન જઈ શકતાં આપણામાનાં કેટલાકો સંવત્સરીનું પ્રતિક્રમણ તો અવશ્ય કરે જ છે. જેમાં વિવિધ સજ્ઝાયો તથા સ્તુતિઓ અનુસાર પ્રતિક્રમણની ક્રિયાથી આપણે ચિત્તને તેમજ મનને દોષ મુક્ત કરીએ છીએ. આવું જ પ્રતિક્રમણ જીવનના રોજ બરોજના વ્યવહારમાં કરી ભૂતકાળમાં થયેલ ભુલોના મનોમન એકરાર કરી પાછા ફરીએ. ભૂલોને ભુલીને દોષોનો એકરાર કરીને માનવી પવિત્ર બને છે. સામાજિક જીવનમાં નવી દિશા, નવા રાહ, નવી મંઝિલ સાથે આગળ વધીએ. સમાજ ઉત્કર્ષ અને સમાજના વિશાળ હીતો માટે વ્યક્તિગત ગમા-અણગમાને બાજુ પર મુકી કાર્યરત બની જઈએ.

❖ ❖ ❖ ❖ ❖ ❖

અગાઉ દેશના શાસકો દ્વારા લેવાયેલ કેટલાક નિર્ણાયો બીનઅસરકારક તેમજ રાષ્ટ્રના વિશાળ હીતો વિરુદ્ધ, હાનિકારક પુરવાર થતાં વર્તમાન શાસકો દ્વારા ગત માસમાં લોકસભામાં ચર્ચા-વિચારણા કરી દ્રઢ સંકલ્પ સાથે નવા કાનૂન લાવી યોગ્ય દિશામાં સચોટ પગલા ભર્યા છે. આમાં **જમ્મુ-કાશમીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ની નાબુદી, ઈન્સટન્ટ ત્રિપલ તલ્લાક વિરોધી કાયદો, આતંકવાદ વિરોધી કાનૂન સહિત ઘણાં કાયદાઓ બનાવી મક્કમ નિર્ધાર સાથે નિર્ણયો લેવાયા છે.** જેને દેશની સમગ્ર પ્રજાએ વધાવી લીધા છે. **''જી. એસ. ટી. લાવીને જેમ દેશ આખામાં એકજ ટેક્ષનું અમલીકરણ થયું તેમ હવે ઘડાયેલ કાયદાઓના લીધે એક રાષ્ટ્ર, એક બંધારણ અને સમગ્ર ભારતમાં સમાન કાનુન હવે અમલમાં આવશે.''**

કરોડોના કહેવાતા નાણા કૌભાંડો માટે કેન્દ્રના ભૂતપૂર્વ પ્રધાનને કાનુની કાર્યવાહીથી કારાવાસમાં મોકલવાની અભૂતપૂર્વ ઘટનાએ દેશની દોલત લૂંટનારા રાજકારણીઓમાં ડર બેસાડી દીધો છે. દ્રઢ સંકલ્પ સાથે આ પ્રક્રિયા ચાલુ રહેશે તો, **''સિદ્ધાંત વિહોણા રાજકરણીઓની જમાત દ્વારા ફેલાતી ભ્રષ્ટાચારરૂપી ગંદકી ઉપર જરૂર અંકૂશ આવશે.''** ભ્રષ્ટાચાર અને કાળા નાણાં નાબૂદી માટેના સરકાર દ્વારા થઈ રહેલ તમામ પ્રયાસો સરાહનીય અને ભાવી પેઢી માટે અવશ્ય દ્રષ્ટાંતરૂપ બની રહેશે.

❑ **સંપાદક સમિતિ**


**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ**

ADVT

## શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત
## આર્ટસ, સાયન્સ અને કોમર્સ કોલેજ-પાટણ

આપણા દેશનો ઈતિહાસ જણાવે છે કે, આ દેશના સાહિત્ય, સ્થાપત્ય, સંગીત અને કારીગરી દુનિયાભરમાં વિખ્યાત હતા. જ્ઞાન પ્રાપ્તિ માટે અહીં તક્ષશિલા, નાલંદા કે વલ્લભી જેવી વિદ્યાપીઠોમાં ચારે દિશાઓથી અભ્યાસુઓ અભ્યાસ અર્થે આવતા હતા. આ દેશના નાગરિક તરીકે આપણા દેશના જ્ઞાનના આ અખૂટ ભંડાર અને તેના ઈતિહાસ માટે આપણને ગૌરવ થાય તે સ્વાભાવિક છે. એજ પ્રમાણે શ્રી પાટણ જૈન મંડળના સભ્ય તરીકે સંસ્થાની પાટણમાં ચાલતી વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિ માટે પણ સૌને ગર્વ થાય એવા પરિણામો આવી રહ્યા છે.

**શ્રી અને સરસ્વતીથી શોભાયમાન પાટણ નગરમાં શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત શ્રી બી.કે. સાલવી એજ્યુકેશન કેમ્પસમાં વર્ષ ૨૦૧૪ થી એસ.કે. કોલેજ ઓફ સાયન્સ, પ્રદિપ કોલેજ ઓફ કોમર્સ અને શ્રીમતી વસુમતિ સેવંતીલાલ કોલેજ ઓફ આર્ટસની શરૂઆત થઈ. વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસની સાથે સર્વાંગી વિકાસ થાય તે માટે કોલેજના દાતા પરિવારો સતત કાર્યશીલ છે, વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં શિક્ષણ સંસ્થા તેમજ શિક્ષકો મહત્વનો ભાગ ભજવી શકે.** આ હકિકતને અનુલક્ષીને કોલેજમાં પ્રવેશોત્સવ, વિવિધ જન્મ જયંતિઓ, મહોત્સવો, પર્સનાલીટી અને કેરીયર ડેવલોપમેન્ટ માટેના સેમીનાર, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક પ્રવાસો, ઔદ્યોગિક એકમોની મુલાકાતો વગેરે સમયાંતરે થતાં રહે છે.

અગાઉના વર્ષ કરતાં ચાલુ વર્ષે સાયન્સ કોલેજમાં ૯૨ વિદ્યાર્થી, કોમર્સ કોલેજમાં ૯૮ અને આર્ટસ કોલેજમાં ૪૮૯ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. હાલ કોલેજમાં સાયન્સ, કોમર્સ, આર્ટસ મળી કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૧૭૯ છે, જેમાં ત્રણેય વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યા - સાયન્સ ૨૪૭, કોમર્સ-૧૩૧, આર્ટસ-૮૦૧ જેટલી છે, ઉપરાંત કોલેજમાં નજીવી ફીના ધોરણે બેઝિક કોમ્પ્યુટર ક્લાસીસ અને ઈંગ્લીસ સ્પીકીંગ જેવા વર્ગો ટૂંક સમયમાં શરૂ કરવામાં આવનાર છે. વિદ્યાર્થીઓને કોલેજની દરેક બાબતમાં કોલેજ મેનેજમેન્ટનું સંપૂર્ણ માર્ગદર્શન અને સહયોગ અપાય છે.

પાટણ ખાતે શ્રી બી.કે. સાલવી એજ્યુકેશન કેમ્પસ મધ્યે, કાર્યરત કોલેજ તેમજ કેમ્પસના દાતા પરિવારો દ્વારા આર્થિક અનુદાનની સાથે સાથે કોલેજના ઉત્તરોત્તર વિકાસ માટે અંગત રસ લઈ સંચાલનમાં સક્રિય સહયોગ અપાય છે. પરિણામે પાટણ અને સમગ્ર ઉત્તર ગુજરાતમાં શિક્ષકો તેમજ સંચાલકોના સંયુક્ત સકારાત્મક પ્રયાસોની સુવાસ ફેલાઈ રહી છે વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉત્તરોત્તર થતી વૃદ્ધિ દ્વારા આ બાબતનો સુંદર પ્રતિસાદ મળી રહ્યો છે.

## સિદ્ધહેમ જ્ઞાનપીઠ

અષાઢ સુદ ૧૪ થી શરૂ થયેલા ચાતુર્માસમાં અભ્યાસમાં લઘુત્તમ વ્યાકરણ, ધ્યાનશતક, ટીકા વાંચન, કર્મગ્રંથ વાંચન, તત્વાર્થાધિગમ સૂત્ર, સટીક પંડિત વર્ય **શ્રી ચંદ્રકાંતભાઈ સંઘવી** પાસે તથા ૧લી અને બીજી બુક, ભાષ્ય, ૧લો કર્મ ગ્રંથ, ૭મું પર્વ વાંચન વિગેરે પંડિતવર્ય **શ્રી રાજુભાઈ છેડા** પાસે ચાલી રહેલ છે. આ બધા વિષયોમાં કુલ ૭૦ (૯ સાધુ ભગવંત અને ૬૧ સાધવીજી ભગવંત) તથા ૭ મુમુક્ષુઓ અભ્યાસ કરી રહેલ છે.

ઘણાખરા સાધુ અને સાધ્વીજી ભગવંતો જ્ઞાનપીઠમાં અભ્યાસ કરવા માટે ખાસ વિહાર કરીને પાટણ પધાર્યા છે, અને પાટણમાં સપ્રમાણ સમય રહીને અભ્યાસ કરવાની તેમની ભાવના છે. આનંદની વાત એ છે કે લગભગ બધા જ સમુદાયના સાધુ - સાધ્વી ભગવંતોનો લાભ મળી રહ્યો છે.

## સંસ્થા સમાચાર

❑ **કોકાના પાડાના સભ્યોએ** ડિસેમ્બર ૨૦૧૯માં કચ્છ-ભદ્રેશ્વર-૭૨ જિનાલય - વાંકી, ભૂજ વગેરે તીર્થોનો યાત્રા પ્રવાસનું આયોજન કરેલ છે. તેમાં વિશિષ્ટ રૂપે યાત્રાની સાથે માંડવીમાં ચોપાટી, ગોધરા મ્યુઝિયમ, ગરબા-રાસની રમઝટ તથા સફેદ રણની સફર પણ કરવાનો વિચાર કરેલ છે.

કોકાના પાડાના રહેવાશીઓ (સભ્યો) માટે પ્રત્યેક સભ્ય માટે રૂા. ૨૦૦૦/- રાખેલ છે જે કોઈ સભ્યોએ આવવાનું હોય તેને જણાવેલ મેમ્બરનો સંપર્ક કરવા વિનંતી છે. આ યાત્રા પ્રવાસમાં ઉષાબેન શશિકાંત ભોગીલાલ શાહ પરિવારે સંઘપતિ બની ઉત્કૃષ્ટ લાભ લીધેલ છે, તેની કોકાના પાડાના સભ્યો ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

**સંપર્ક કરવા માટે :**

શ્રી મિલનભાઈ વિપિનચંદ્ર શાહ - 9324370338
શ્રી પ્રકાશભાઈ સુરેશભાઈ શાહ - 9322273315
શ્રી મુકેશભાઈ લલિતભાઈ શાહ - 9821340754
શ્રી જયેશભાઈ કુમારપાળ શાહ - 9820126885

❑ **શ્રી પાટણ જૈન વિશા શ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક જ્ઞાતી ટ્રસ્ટ :** સને ૨૦૧૮-૧૯માં ૪૩ વિદ્યાર્થીઓને અંદાજીત રૂા. ૮ લાખ ૫૦ હજારની સહાય અપાઈ છે. ૨૦૧૯-૨૦ માટે શિક્ષણની સહાયની જરૂર હોય તેવા જ્ઞાતિના સભ્યોને ધો. ૧ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ માટે અરજી કરવાની રહેશે. અગાઉ સહાય મેળવનાર પણ અરજી કરી શકશે. અરજી કરવાની આખરી તા. ૩૦-૦૯-૨૦૧૯

**વધુ વિગત માટે ટ્રસ્ટીઓનો સંપર્ક કરવો**

| | |
|---|---|
| શ્રી પ્રવિણભાઈ સારાલાલ નગરશેઠ | 9820021846 |
| શ્રી મહેન્દ્રભાઈ હીરાલાલ શાહ | 9869353954 |
| શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ | 9821012518 |
| શ્રી ચીનુભાઈ નેમચંદ શાહ | 9323104645 |
| શ્રી મયંકભાઈ બાબુલાલ શાહ | 9821150445 |

## New Direction For Health

Founder of Pristine Senses Academy in Mumbai, **Dr. Pinakin Kishorbhai Laxmichand Shah** (Marfatiya Mehtano Pado - Andheri) is a man of many talents. An expert body-mind therapist and trainer, counsellor, naturopath, aromatherapist, numerologist, palmist, seeker and practitioner of tantra wisdom and a mystic, Dr. Shah's thirst for knowledge is what started this incredible journey in the world of healing.

Having received training from London, Thailand and Bali, Dr. Shah states that everything is connected. All these therapies that he practices have one goal, healing us on the physical, mental, emotional or spiritual level Different techniques suit different people.

Dr. Shah's main focus is the spreading of knowledge on Body-Mind Therapies through customized training in various massages, Scrubs and Wraps.

One of the approaches to healing is through the body but there are many problems that arise through emotional blockages or trauma. This is why Dr. Shah launched Mysteries of Emotions through which he offers Counselling as well as guidance. He also teaches various courses regarding all of this.

He is joined by his wife and daughter who have added Yoga, Reiki, Mudra and Sujok therapy to the menu.

## પશુ સારવાર કેમ્પ

પાટણ મુકામે **માતુશ્રી સોમીબેન બાલુભાઈ કરમચંદ શાહ પરિવારના શ્રી ભરતભાઈ તરફથી છેલ્લા ૯ વર્ષથી દરેક વર્ષે એકવાર નિઃશુલ્ક પશુ સારવાર કેમ્પનું આયોજન થાય છે.** આ વર્ષે તા. ૧૫-૦૯-૨૦૧૯ના રવિવારે પાટણ મુકામે દશમાં પશુ સારવાર કેમ્પનું આયોજન કરેલ છે. પ્રસ્તુત કેમ્પમાં અનેક પ્રકારની યાતના મુંગે મોઢે સહન કરતા પશુઓની નિઃશુલ્ક શસ્ત્રક્રીયા (ઓપરેશન)કરવામાં આવે છે. આ કેમ્પમાં ડોક્ટરો, સર્જનો તેમજ અન્ય સ્ટાફ મળી અંદાજે ૧૦૦ વ્યક્તિઓ સક્રિય રીતે કાર્યરત રહેશે. મેડિકલ સારવાર થયા પછી અબોલ જીવોને થતી રાહત નિહાળવા અને જીવદયાની પ્રવૃત્તિને પ્રોત્સાહીત કરવા આ કેમ્પમાં પધારવા સૌ જીવદયા પ્રેમીઓને આગ્રહભર્યું આમંત્રણ છે.


**PATOLA OF PATAN PVT. LTD**

(National Award Winner 1983-State Award Winner 2006)

Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

| Ashokbhai Salvi | Viral Salvi | Ujjaval Salvi | Nirmal Salvi |
|---|---|---|---|
| 09925233484 | 09925651695 | 09825448498 | 09898143484 |

**Tel (91-2766) 232172 / 222182**

Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com

Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com

ADVT



**PATAN CO-OPERATIVE BANK LTD.**

RASIK NIWAS, PATAN JAIN MANDAL MARG,
MARINE DRIVE, MUMBAI – 400 020.
TEL : 2281 5290 / 2281 7444 / 2281 9403 • FAX : 2281 6513.
Email ID : patanbank@yahoo.co.in

### NOTICE TO MEMBERS

NOTICE IS HEREBY GIVEN THAT THE 38TH ANNUAL GENERAL MEETING OF THE MEMBERS OF **PATAN CO-OPERATIVE BANK LTD** WILL BE HELD ON **TUESDAY, 17th SEPTEMBER 2019 AT 3.00 P.M. AT** PATAN JAIN MANDAL HALL, PJM ROAD, MARINE DRIVE, MUMBAI 400020 TO TRANSACT THE FOLLOWING BUSINESS:

1. To read and confirm minutes of the 37th Annual General Meeting held on 21st September 2018.
2. To consider and approve the following proposals:
   i. Annual Report for the year 2018-19.
   ii. Profit and Loss account for the year ended on 31st March 2019.
   iii. Balance-sheet as on 31st March 2019.
3. To receive and adopt the report of Statutory Auditor – M/s. P. G. Ranade & Co. for the financial year 2018-19, alongwith notes to accounts.
4. To approve appropriations of net profit and declare dividend for the year ended 31st March 2019, as proposed by Board of Directors.
5. To approve the Annual Budget for the year 2019-20.
6. To appoint Statutory Auditor for the year 2019-20 and authorize Board to fix its remuneration.
7. To grant leave of absence to the members of the Bank.
8. Any other business that may be brought forward with the permission of the Chair.

**# Dividend will be payable only through standing instruction (Account with our Bank) or NACH (Account with other Bank).**

**# No physical dividend warrant will be issued.**

**# The members are requested to submit standing instructions or NACH mandate at the earliest.**

**Date : 14 / 08 / 2019**

**By order of the Board of Directors**
**Sd/-**
**Dilip N. Kanhere**
**Chief Executive Officer.**

**APPEAL TO MEMBERS :**

1. Members desire to receive annual report copy are requested to contact any of branch or provide your email I.D. for receiving the annual report by e-mail.
2. This notice should be treated as notice to individual member.
3. Adjourned Annual General Meeting for want of quorum, if necessary, will be held on the same date and place after half an hour of the notified time of such meeting.
4. Members desiring to offer any suggestion at the Annual General Meeting or ask any question pertaining to the annual report and accounts are requested to write to the Bank at least 7 days before meeting date i.e. on or before 9th September 2019.
5. Members are requested to intimate any change in name of nominee, office and residential address, status etc. so as to keep our records up to date.
6. Members are requested to collect their dividend for the previous three years, if not collected, to avoid its forfeiture.

Advt

# હે માનવ.. હવે તો જાગ

માણસનું મન સકારાત્મક વિચારો કરતાં વધારે નકારાત્મક વિચારો પેદા કરવાનું કારખાનું છે. વિચારોના સર્જનમાં મન વિવેકનું તાબેદાર રહેતું નથી. પરિણામે અમુક કાર્યોથી સુખ મળશે કે દુઃખ તેનો વિચાર રહેતો નથી. આપણે એ વાત ભૂલી જઈએ છીએ કે આપણે આપણા મનના રાજા છીએ, ગુલામ નથી મન આપણને હાંકે છે, હંફાવે છે, ફટકારે છે અને પોતાના ચીલે ચાલવાની ફરજ પાડે છે, આપણે એ સ્થિતિને નિયતી કે ભાગ્યનું નિર્માણ માનીને વિચારોની શુદ્ધિની પ્રક્રિયામાં પડતા નથી.

શુદ્ધ વિચાર એટલે ધુમાડા વગરનો અગ્નિ, સંવાદિતાની સુરાવલી, પવિત્રતાનો મહાયજ્ઞ. એ યજ્ઞમાં નકામી વસ્તુઓને ભસ્મીભૂત કરી જીવનમાં ઊર્ધ્વ ગતિ પામી શકે ! માણસને વગર માગે જો કોઈ ભેટ મળતી હોય તો તે નકારાત્મક વિચારો છે. **''હોઠ શુરા'' લોકોની બહુમુતી અને ''હૈયા શુરા'' લોકોની લઘુમતિ એ આજના જાહેર જીવનનો સૌથો મોટો અભિશાપ છે... !**

વધારે પડતા વખાણ માનવીને અહંકારી બનાવે છે. અહંકારી એટલે પોતાને શ્રેષ્ઠ અને બીજાને તુચ્છ સમજવાની વૃત્તિ. આવી વ્યક્તિ સંકોચહીન, સ્વાર્થી, પોતાને પૂર્ણ માનનાર, આક્રમક, ઈર્ષાળું, અન્યોએ પોતાને મહત્વ આપવું જ જોઈએ તેવો હઠાગ્રહ રાખનાર, શોષણવૃત્તિ ધરાવતી અને આત્મકેન્દ્રી હોય છે આવા માણસ ખૂબ ભયાનક અને ખતરનાક હોઈ શકે છે. આવા ઝડપથી વધી રહેલા હઠાગ્રહીઓની અંદર દયા, કરૂણા, મમતા, સ્નેહ, પ્રેમ અને આદર્શવાદના સિદ્ધાંતો ખતમ થઈ જઈ રહ્યા છે. રેલગાડીના ડબ્બામાં આપણે બેસીએ છીએ અને બાજુમાં બીજો માણસ બેઠેલો હોય છે. વારંવાર આપણે વિચારીએ છીએ કે ક્યાંક આ ખિસ્સા કાતરું તો નથી ? વારંવાર પૂછીએ છીએ કે ભાઈ સાહેબ આપ ક્યાંથી આવો છો ? ક્યાં જશો ? વારંવાર આપણે તેને જોતા રહીએ છીએ કે ક્યાંક એ આપણા ગળાનો દોરો ન લઈ જાય અને આપણું ખિસ્સું ન કાપી નાખે. સાચેજ આધુનિક યુગમાં માણસનો માણસ પ્રત્યેનો વિશ્વાસ તૂટતો જઈ રહ્યો છે, કારણ કે માણસ વિશ્વાસઘાત કરવાનો મૂળ સ્વભાવ છોડી શકતો નથી.

પાપ કરવું મરજીયાત છે, પરંતુ તેનું ફળ ભોગવવું ફરજિયાત છે. પાપની પરિક્રમા ૨૪ કલાક નિરંતર ચાલ્યાજ કરે છે, જેથી અસંખ્ય કર્મોનું ઉપાર્જન થાય છે. પાપનો પશ્ચાતાપ પણ માનવી કરતો નથી. પરમાત્માએ બતાવેલા માર્ગને પણ અનુસરવાનું મન થતું નથી. આટલી બધી સમસ્યાઓમાંથી બહાર નિકળવાનો પ્રયાસ થાય તેવો અભિગમ માનવીએ કરવો જરૂરી છે. ભૂતકાળમાં બાંધેલા પાપ-કર્મો આ ભવમાં ભોગવતી વખતે વિચારવું કે, આ બધા માટે હું જ દોષિત છું બીજા કોઈનો દોષ નથી.

**હે માનવ,**
**''તું બધું કર પણ કોઈને નડ નહીં,**
**જે વાત ન સમજાય એમાં પડ નહીં,**
**પૈસાને અભાવે જગત ૧ ટકો દુઃખી છે,**
**પણ સમજના અભાવે જગત ૯૯ ટકા દુઃખી છે.''**

❑ **સંકલન : શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ**

# Yellow Pages Digital Directory
## *P for P 2019*

આ ડિજીટલ યુગમાં વેબસાઈટ એ આપણી પ્રવૃત્તિઓનું વિશાળ વિઝિટિંગ કાર્ડ બન્યું છે, તેજ રીતે આ ડિજીટલ ડિરેક્ટરીના અનેક લાભો થશે તેને ધ્યાનમાં લઈને **સમાજના વ્યાપારીઓ, ઉદ્યોગપતિઓ, સર્વીસ એન્ડ એજન્ટ, મેડિકલ તેમજ પેરા મેડિકલ વ્યવસાય કરતા સભ્યો, પ્રોફેશનલ, ઉત્પાદકો, વ્યવસાયિકો તેમજ ગૃહ ઉદ્યોગ દ્વારા વિવિધ રીતે આજિવીકા રળતા સભ્યોની શ્રી પાટણ જૈન મંડળ દ્વારા ''યલો પેજીસ ડિરેક્ટરી'' પ્રકાશન કરવાનું નક્કી કરવામાં આવેલ છે, જેની સઘળી વિગતો મે માસમાં પ્રસદ્ધિ કરવામાં આવેલ છે.**

**સમાજના ઘણા પરિવારો દ્વારા વ્યવસાયની વિગતો સાથેનું ફોર્મ ભરીને હજુ સુધી સંસ્થામાં મોકલેલ નથી તો મોડામાંમોડું ફોર્મ તા. ૩૦-૦૯-૨૦૧૯ સુધીમાં** સંપૂર્ણ વિગતોસહ કુરિયર, પોસ્ટ કે રૂબરૂ મરીનડ્રાઈવ, ગોરેગામ, બોરીવલી કે પાટણ ખાતેના કાર્યાલયોમાં અથવા ઈમેલ તથા ઓનલાઈન દ્વારા ભરી મોકલી આપવા. આ ઉપરાંત મિત્ર મંડળના પ્રતિનિધિઓ કે મોહલ્લાના કાર્યકર્તાઓ પાસેથી પણ આપ ફોર્મ મેળવી ભરીને પરત આપી શકશો.

**યલો પેજીસનું ગુગલ ફોર્મ** નીચે મુજબની લિન્ક દ્વારા પણ મળી શકશે, જે Online ભરીને પણ મોકલાવી શકાશે.

**Online Form: www.patanmandal.org/businessdirectory**

ફોર્મની સાથે આપનું વિઝિટીંગ કાર્ડ હોય તો અવશ્ય જોડવું. તથા આપનો ફોટો લગાડવા વિનંતી.

તા. ૨૪-૧૧-૨૦૧૯ના દિવસે યલો પેજીસ ડિરેક્ટરીનું વિમોચન શતાબ્દી ઉજવણીના કાર્યક્રમ દરમ્યાન થશે. અન્ય સમાજના સભ્યો પણ તેમની રોજબરોજની જરૂરિયાતો મેળવવા આ ડિરેક્ટરીનો ઉપયોગ કરશે. આના પરિણામે આપણા સમાજના વ્યવસાયીઓના વ્યાપાર વિસ્તરશે તેમજ વધશે. સમાજ ઉત્કર્ષના ઉદ્દેશથી પ્રગટ થનાર આ પ્રકાશનને યશસ્વી બનાવવી આપણા સૌની ફરજ છે. આ બાબતે આપનો સક્રિય સહયોગ અપેક્ષિત છે.

## તિમીર

પ્રાતઃકાળ થતાંજ અવની ઉપર પથરાતા પ્રકાશપૂંજની સાથોસાથ જોતજોતામાં ચહલ-પહલ શરૂ થઈ જાય છે. ઘરોમાં શિરામણ તૈયાર થાય, ઢોરોને ચારો નંખાય, બાળકોને તૈયાર કરી વિદ્યાભ્યાસાર્થે શાળાએ મોકલાય, આમદનીની ઉપજ કાજે ધંધા, રોજગારે જવાય, ખેડૂતો હળ જોડી ખેતરે જાય, પૂજારીઓ પૂજન-અર્ચને મંદિરે જાય, આમ ને આમ દોડધામમાં જ દિવસ ક્યાંય નીકળી જાય અને દિનભરના સૂર્યપ્રકાશ બાદ અવની ઉપર છવાય એક ઘેરી શ્યામ ચાદર, એટલે જ તિમીર. આ **તિમીર** એટલે અંધકાર.

સૌ પ્રથમ આ તિમીરની અવળી બાજુએ નજર નાખીએ, તો સૌથી અધિક તસ્કરી આ તિમીર કાળમાં જ થાય છે, દગો-વિશ્વાસઘાત, હિંસા - અત્યાચાર - જાતીય શોષણ જેવા અનેક અપરાધો આ તિમીરના ઓછાયામાં જ ફૂલે ફાલે છે.

જીવન છે, ઘર છે, સંસાર છે તો પ્રકાશ અને અંધકારની જેમ સુખ-દુઃખ તો રહ્યા જ કરશે. માટે કજીયા કલહ - કંકાશ જેવા બિનજરૂરી દૂષણો પણ તિમીર આગમને જ થાય છે.

હવે આ તિમીરની ઊજળી બાજુ તરફ વળીએ તો સૌ પ્રથમ વિચાર થાય કે આ તિમીર ના હોત તો દીપક, ચીમની, ફાનસ, બલ્બ, ટ્યુબલાઈટ, હેલોજન, LEDની કોઈ જરૂરત હોત ખરી! પ્રકાશ પાથરતા સાધનોનો ધંધો કરનારનું પેટીયું પુરાતું હોત ખરું ?

જો આ તિમીર ના હોત તો આકાશમાં ટમટમતા તારલિયાની કોઈ આભા હોત ખરી ? બેસતા મહિનાથી પૂનમ પર્યંત અને પુનઃ પૂનમથી અમાસ પર્યંતની શશિકળાની ઓળખ હોત ખરી ? શુકલ અને કૃષ્ણ પક્ષ જેવા બે પક્ષો હોત ખરા ?

દિવસભરની રઝળપાટ અને કડાકૂટ, ધન સંપત્તિ મેળવવાની દોટ, ઘોંઘાટ અને ધમાલમાંથી નિરવ શાંત વાતાવરણ પશ્ચાત ઘડી બે ઘડી નિરાંતની ઊંઘ તિમીર કાળે જ લઈ શકાય છે.

શાસ્ત્રોમાં થયેલ ઉલ્લેખ અનુસાર મેરૂ પર્વત ઉપર પ્રત્યેક તીર્થંકરનું ચ્યવન તથા જન્મકલ્યાણક, દેવ દુંદુભિઓના ગગનભેદી નાદ સાથે તિમીરના પ્રારંભે જ ઉજવાય છે.

જીવનમાં કાયમી તિમીરમાં પણ પ્રજ્ઞાચક્ષુને દિવ્ય આનંદ પ્રાપ્ત થતા જોવા મળે છે જે ચર્મચક્ષુઓ હોવા છતાં આપણે નથી અનુભવી શકાતા.

શિયાળની લારીઓ સાંભળવી હોય, ઘુવડની તગતગતી આંખો જોવી હોય, દિનભર ઝાડ ઉપર ઊંધા લટકતા ચામાચીડીયાની ઉડાઉડ જોવી હોય તો તિમીરની જ જરૂર વર્તાય છે.

પ્રકાશકાળે દિનભર હાલતા-ચાલતા, ખાતા-પીતા-વાણી-વ્યવહાર-વર્તનથી થયેલ પાપો દ્વારા બંધાયેલ કર્મબંધમાંથી પણ મુક્તિ તિમીર કાળે જ નિદ્રાવસ્થામાં સંભવી શકે.

લોક સાહિત્યના રંગે રગાયેલા કસુંબલ ડાયરાની લિજ્જત રાત્રિનાં અંધકારમાં જ લેવાય છે, રાસ-ગરબા અને દાંડિયાની રમઝટ પણ રાત્રિના જ માણી શકાય છે. **દિવાળીની આભા તો દિવસે ક્યાંથી હોય ?** તિમીર થતાં જ માટીના ઝગમગતા કોડિયા, રંગીન રોશની પાથરતા દરવાજે લગાડેલ તોરણ અને નવલા વર્ષની નવલી પ્રભાતનું, સ્વાગત કરવા થનગની રહેલ કંદીલ, દ્વારે રચાયેલ મનોહર રંગોળીઓની શોભા સુદ્ધાં તિમીરમાં જ જોઈ શકાય છે.

જિનાલયોમાં તિમીર કાળે જ જિનબિંબની આંગી શોભાય છે, અને સંધ્યા ભક્તિ - ભાવના પણ તિમીરના સાંનિધ્યે જ થાય છે અરે, જિનાલય માંગલિક પણ તિમીર કાળે જ થાય છે... !

જીભના રસિયાઓની ક્ષુધા તૃપ્તિ માટેના સ્ટોલ, રેકડી કે ટપરી ઈત્યાદિ નાખનારા પણ તિમીર કાળે જ ચોરેને ચૌટે ઉભરાય છે, અને મોડી રાત્રિ પર્યંત ધનના ઢગલા ખડકાતા જોઈ હરખાય છે.

આ તિમીર કાળે જ માનવજીવનનું સાચું સ્વરૂપ સમજી શકાય છે. પોતે પોતાની જાત સાથે સંવાદ સાધી શકાય છે. બાહ્ય તિમીર ઉપરાંત આપણા ભીતરમાં પણ નિરાશાવાદનું ગાઢ તિમીર ઘેરાયેલ હોય છે. માન્યુ કે, રાત્રિના અરૂણોદય નિર્માણ કરવું આપણા હાથમાં નથી પણ ટોર્ચ દ્વારા પ્રકાશ તો પાથરી જ શકાય છે, એટલે કે નકારાત્મક વિચારોનાં તિમીરને તો દૂર ખસેડી શકાય ને !

સામાન્ય રીતે અંધકાર સૌને ગમતો હોય એવું જરૂરી નથી પણ આ તિમીરની અનિવાર્યતા અને સત્ય વિશે પણ જાણી લીધા બાદ એટલું જ કહેવાનું કે, **આ તિમીર કોઈ કાયમી અવસ્થા નથી, માત્ર જૂજ કલાક માટે પ્રકાશ પાસેથી છીનવી લીધેલ સમય - કાળ છે જેના અંતે રવિ આગમને પુનઃવિશ્વ, પ્રકાશમાન થાય તેવી અલ્પકાલીન અવસ્થા છે.**

**અને છેલ્લે એટલું જરૂર સમજી લઈએ કે, તિમીર હશે તો જ પ્રકાશ તરફ જઈ શકાશે, પોતાને સમજી અને જીવનનું ધ્યેય પણ સિદ્ધ કરી શકાય છે.**

❑ **શ્રી જ્ઞાનેશ લાપસિયા**

## પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ

**શ્રી પાટણ જૈન મંડળ તથા શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા સંયુક્તપણે પ્રતિવર્ષ પોસ્ટ ગ્રેજ્યએશનનો અભ્યાસ કરનાર પ્રતિભાશાળી / તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને તેમની **શૈક્ષણિક ગુણવત્તાના ધોરણે વાર્ષિક રૂા. ૧૦,૦૦૦/-** (અંકે રૂપિયા દસ હજાર)ની એક એવી બે પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવે છે.

**પ્રસ્તુત સ્કોલરશીપ માટે વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષેત્રની તેજસ્વીતાને જ પ્રાધાન્ય અપાય છે, જેની ખાસ નોંધ લેવી.**

તદ્અનુસાર બિઝનેશ મેનેજમેન્ટ, મેડીકલ સાયન્સ, કૉમ્પ્યુટર એન્જિનિયરીંગ, આઈએએસ અથવા ડૉક્ટરેટ પી.એચ.ડી. (કોઈપણ વિષય) તેમજ આવા પ્રકારના ઉચ્ચ કક્ષાના પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્ષમાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થી ભાઈ-બહેનોને મેરીટ સ્કોલરશીપ આપવા અંગેના અરજી પત્રકો મંગાવવામાં આવે છે.

આ અંગેનું ફોર્મ મંડળના કાર્યાલયમાંથી મેળવી સંપૂર્ણ વિગતો સહ ભરીને **તા. ૩૦-૦૯-૨૦૧૯ સુધીમાં પરત મોકલાવી આપવા વિનંતી છે.**

❑ **શિક્ષણ સમિતિ**

## ક્ષમા ભાવનું પગથિયું
## અમ્રત માર્ગનાં યાત્રિકો

આપ સહુ સુખ શાતામાં હશો

પર્યુષણ પર્વની ઉજવણી આન-બાન-શાન સાથે ગુરૂ ભગવંતની મીઠી મધુરી વાણીનું રસપાન કરીને આત્મચિંતન દ્વારા શ્રુતજ્ઞાનની આરાધના કરીને આત્મકલ્યાણની કેડી પર કદમ માંડવાની શરૂઆત અષાઢ સુદ ૧૪ થી પ્રારંભ થાય છે.

સાત સાત દિવસોથી સાધનાનું જે ભવ્ય, વિશાળ અને આભ અડતું મંદિર ચણાઇ રહયું છે, એના ઉપર આરાધનાનો કળશ ચઢાવીને ક્ષમાનો ધ્વજ લહેરાતો મુકવાનો આ અવસર છે. સમગ્ર પર્વ પર્યુષણની તમામ આરાધનાઓને સફળ બનાવવામાં જો કોઈ પ્રાણ તત્વ હોય તો એ છે ક્ષમાપના.

સંવત્સરીનાં મહાન પવિત્ર દિવસે બારસા સૂત્રનું વાંચન શ્રવણ કર્યા બાદ જૈનોનાં ચારે ફિરકાઓનાં આરાધકો સંવત્સરીનું મહાપ્રતિક્રમણ સકળ સંઘ સાથે ગુરૂ ભગવંતની નિશ્રામાં હૃદયનાં ભાવોલ્લાસ સાથે કરે છે અને સર્વે જીવોને ખમાવે છે.

આપણા જ્ઞાની પુરૂષોએ કહ્યું છેઃ ભલે તમે ગમે તેટલી આરાધના કરો, ધર્મ કરો, તપ, જપ કરો પણ હૃદયમાં જો ક્ષમાનો ભાવ નથી તો તેની બધી જ ધર્મ આરાધના નિષ્ફળ છે.

ક્ષમા રાખવી, ક્ષમા આપવી એ ક્ષમાભાવનો પહેલો તબક્કો છે. ચરમ તીર્થંકર ભગવાન મહાવીરે પોતાનાં પર થયેલા ઉપસર્ગો કરનાર પ્રત્યે પણ કરૂણા અને ક્ષમાનો ભાવ રાખીને, સમદ્રષ્ટિ રાખીને, સહુનું ભલું થાય એવી ભાવના સાથે ક્ષમા રાખવાની જે સમજણ બતાવી છે, તેવી સમજણ બીજા કોઈએ બતાવી નથી.

વિશ્વનાં દરેક ધર્મોમાં ક્ષમાનું મહત્વ તો છે જ, પણ જૈન ધર્મમાં ક્ષમા ભાવ એ મોક્ષ માર્ગનું પ્રથમ સોપાન છે. તેઓ કહે છેઃ સૌ પ્રથમ સ્વની ક્ષમા માંગો, તમને વિચાર આવશે મારે જ મારી ક્ષમા કેમ માગવાની? મેં મારી જાત સાથે શું કઈ ગુનો કર્યો છે? મહાવીર કહે છેઃ તારો ગુનો એ જ છે કે તું તને જ ભૂલી ગયો છે,માટે તે તને સાચવ્યો નથી, તારા આત્માની સંભાળ લીધી જ નથી, તારી ભીતરમાં તે વેરની ગાંઠો બાંધીને રાખી છે, તને જેનાં પ્રત્યે અણગમો છે તેનાં પ્રત્યે મનમાં નફરતની, બદલો લેવાની ગાંઠ બાંધી છે. જો આત્મહિત સાધવુ હોય તો જાગી જા, સંભાળી લે તારા આત્માને, પર્યુષણ પર્વમાં સંવત્સરી પ્રતિક્રમણ સાચા ભાવથી કરીને વેરની ગાંઠોને ખોલી નાંખ. ક્ષમા માંગવાથી બાંધેલા કર્મોની નિર્જરા થાય છે. સામાન્ય રીતે રોજ દિવસમાં બે વખત પ્રતિક્રમણ કરવા દ્વારા ક્ષમા માંગવાની છે. પરંતુ જો આમ ન થઈ શકે તો પંદર દિવસે, ચાતુર્માસ દરમ્યાન, અને તે પણ ન થાય તો વર્ષમાં એકવાર સંવત્સરી મહાપ્રતિક્રમણ તો અવશ્ય કરવું જ જોઈએ.

પાંચ પ્રતિક્રમણનાં સૂત્રો, જેમાં વિશેષ પ્રકારે ઈરિયાવહી, અતિચાર, અઢાર પાપસ્થનાક, વંદિતુ જેવાં સૂત્રો દ્વારા સૃષ્ટિનાં છ કાયનાં જીવોની કરૂણાસભર, મૈત્રીભાવ સાથે ક્ષમા માંગવાની રીત બતાવી છે. મન, વચન, કાયાથી માંગેલી આ ક્ષમા આપણાં ભવોભવને સુધારી લે છે, એમાં આત્મ વિશુધ્ધિની ભાવના સમાયેલી છે.

વર્તમાન સમયમાં ટેકનોલોજીનાં ઉપયોગ દ્વારા માત્ર ઈ-મેઈલ, કે વોટસ-એપથી પરસ્પરને મિચ્છામી દુક્કડમનાં સંદેશા મોકલાવીને ક્ષમાપના કરી લીધાનો સંતોષ માનવો એતો એક માત્ર બાહ્ય આડંબર જ છે. એમાં ભીતરથી ભાવોની લાગણી જન્મ નથી લેતી. તેનું મુખ્ય કારણ છે આપણો ઈગો કોઇપણ પરિસ્થિતિ સાથે સમાધાન ન


જુલાઈ - ૨૦૧૯, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત**

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલયઃ- ૫૨૦, પંચરત્ન, ઓપેરાહાઉસ, મુંબઈ - ૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

| | |
|---|---|
| મે. એમ.ટી. માદન એક્સપોર્ટ | ૧,૧૦,૦૦૦ |
| શ્રીમતી નિલમબેન ચંપકલાલ શાહ (ચોધરીની શેરી) | ૧,૦૦,૦૦૦ |
| શ્રીમતી સોનલબેન રવીભાઈ સેવંતીલાલ શાહ | ૧,૦૦,૦૦૦ |
| શ્રી નરેશચંદ્ર મણિલાલ ઝવેરી (ચોધરીની શેરી) | ૩૬,૦૦૦ |
| શ્રીમતી ભદ્રાબેન નરેશભાઈ ઝવેરી (ચોધરીની શેરી) | ૩૨,૦૦૦ |
| શ્રીમતી મયુશાબેન રશ્મીનભાઈ ઝવેરી (ચોધરીની શેરી) | ૩૨,૦૦૦ |
| શ્રી મહેશ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ | ૩૧,૦૦૦ |
| શ્રી કેશરીયાજી આદેશ્વર ટ્રસ્ટ (અંધેરી-વે) | ૨૦,૦૦૦ |
| શ્રી જિતેન્દ્રભાઈ કે. શાહ (સિમલા હાઉસ) | ૧૭,૦૦૦ |
| શ્રીમતી સુશીલાબેન બાલુભાઈ શાહ (ચંદ્રલોક બિલ્ડીંગ) | ૧૧,૫૦૦ |
| શ્રીમતી નિરંજનાબેન દિનેશભાઈ શાહ (તારદેવ) | ૧૧,૦૦૦ |
| મે. એસ. હિમ્મતલાલ એન્ડ કાં. | ૧૧,૦૦૦ |
| (શ્રી ચંદ્રકાંતભાઈ મનસુખલાલ શાહના ૯૦માં જન્મદિન નિમિત્તે | |
| મે. વિપુલ ટુલ્સ સેન્ટર - (નાગદેવી) | ૧૧,૦૦૦ |

**જીવદયા! જીવદયા!! જીવદયા!!!**



પર્યુષણ આવ્યા અને આરાધનાનો ઉજ્જવળ પર્વ લાવ્યા.
દાન-ધર્મ, પૂણ્ય કરવા કમાવવાના મૌસમ લાવ્યા.
મુંગા અબોલ પશુઓનાં મુક આશિષ મેળવવાનો અમુલ્ય અવસર લાવ્યા.

**આ જીવોના નિભાવ માટે આપની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી પુણ્યનું ભાથુ બાંધવા અપીલ.**

**જીવદયા માટેની વિવિધ યોજનાઓ**

| | |
|---|---|
| કાયમી શેડ ફંડ રૂા. ૧૦૧૦૦૦ | આધાર સ્થંભ રૂા. ૭૧૦૦૦ |
| લાભાર્થીઓના નામ આરસની તક્તી પર ખલીપુર ખાતે લખવામાં આવશે. | |
| કાયમી નિભાવ ફંડ રૂા. ૨૧૦૦૦ | લીલા ઘાસની ગાડી રૂા. ૩૧૦૦૦ |
| વાર્ષિક પશુ દત્તક યોજના રૂા.૧૧,૦૦૦ | સૂકા ઘાસની ગાડી રૂા. ૫૧૦૦૦ |

**લાભાર્થીઓના નામ તિથિના દિવસે પાટણ પાંજરાપોળ તથા ખલીપુર પશુ આશ્રય સંકુલ ખાતે બોર્ડ પર લખવામાં આવશે.**



સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે ADVT

થવા માટે આ ઈગો નડતર રૂપ છે જેનાં કારણે સમાધાન કરવું બહુ અઘરૂં છે. Sorry કહી ક્ષમા માંગવી સહેલી છે. પણ આ યોગ્ય નથી. ક્ષમાપનાની સાર્થકતા ત્યારે જ થાય જયારે સર્વ જીવો પ્રત્યે પ્રેમ જાગે.

ગાંઠ અને ગુસ્સો(ક્રોધ) આ બન્ને દોષોને સમજવાની જરૂર છે. ગુસ્સો ક્ષણિક હોઈ શકે છે, આવે છે અને ચાલ્યો જાય છે. તે આ ભવ પૂરતો જ હોય છે, પણ વેરની ગાંઠ ભવોભવ સુધી કોઈ ને કોઈ સ્વરૂપે સાથે જ રહે છે. આમાંથી મુક્ત થવાની પ્રોસેસ એનો બીજો ઉપાય છે.

સંવત્સરીની આલોચના માત્ર મહાવીરનાં આ શાસનમાં જ ક્ષમાપના સર્વશ્રેષ્ઠ બતાવી છે. આત્મિય મિત્રો, સંવત્સરીના પ્રતિક્રમણ દરમ્યાન લાગેલા દોષોની ગુરુ ભગવંત સમક્ષ ક્ષમાં માંગવાની સાથે અહમ ઓગાળી, મંગલ ભાવના ભાવીને મોક્ષનાં પગથિયા પર એક ડગલું મુકવાનું છે. આવી ધર્મ આરાધનામાં જોડાઈને પાપોની વિશુધ્ધિ કરતાં કરતાં જૈનત્વ અને ભગવાન મહાવીરનાં આ સંદેશને અંતરથી સ્વીકારીને, મોક્ષ માર્ગમાં આગળ વધીએ એવા મંગલ ભાવો સાથે સહુ વાચક મિત્રોને ''મિચ્છામી દુક્કડમ''

*આવો, સંવત્સરી ને સાર્થક કરીએ.*
*ચાલો, ક્ષમા ભાવનું પગથિયું ચઢીએ.*
*ખામેમિ સવ્વ જીવે,સવ્વ જીવા ખમંતુ મે,*
*મિત્તીમે સવ્વ ભુએસુ, વેર મજઝં ન કેણઈ.*
*અસ્તુ.*

❑ **શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**

## મરીનડ્રાઈવ ગૃહ જિનાલયે
## ૨૪ પરમાત્માઓની મંગલમૂર્તિ બિરાજમાન

મુંબઈના મરીનડ્રાઈવ શ્રી પાટણ જૈન મંડળ માર્ગ વિસ્તારમાં આવેલ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ગૃહ જિનાલય મધે **માત્ર રૂા. ૨૭૦૦૦/-ના નકરામાં એક જિનેશ્વર ભગવાન** એવા ચોવીશ તિર્થંકર ભગવંતોની તેમના વર્ણ અનુસારની મંગલમૂર્તિ બિરાજમાન કરવાની **શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ દ્વારા** જાહેરાત કરવામાં આવતાજ લગભગ ૨૯ પરિવારજનો દ્વારા તેની નિયત સમય મર્યાદામાં પોતાના નામો નોંધાવવામાં આવેલ. કોઈપણ પરિવારને નિરાશ ના થવું પડે માટે મુખ્ય પાંચ ભગવાનની પ્રતિમાજીઓ બે પરિવારો વચ્ચે વહેચી દરેક પ્રતિમાજીઓ સાધુ ભગવંતના વરદ હસ્તે ડ્રો પદ્ધતિથી ફાળવણી કરતા ભગવાન કોના હાથે બીરાજમાન થશે તેની જાહેરાત કરવામાં આવેલ.

**રવિવાર, તા. ૧૧-૦૮-૨૦૧૯ના પ.પૂ. મુનિરાજ જિનરત્ન વિજયજી મ.સા. આદિ થાણાની નિશ્રામાં દરેક પ્રતિમાજીઓનો ધામધૂમ પૂર્વક અઢાર અભિષેક કરી જિનબિંબોને શુદ્ધ કરવામાં આવેલ.** તેમજ મંગળવાર, તા. ૧૩-૦૮-૨૦૧૯ના સવારના મંગલ ચોઘડીયે સંપૂર્ણ વિધિ વિધાન સહ સર્વે પ્રતિમાજીઓ ગૃહ જિનાલયમાં પ્રત્યેક લાભાર્થી પરિવારજનો દ્વારા બિરાજમાન કરવામાં આવેલ. આ અવસરે ચર્તુવિધ સંઘ ઉપસ્થિત રહેલ. મહામંગલકારી લાભ મેળવી પુણ્યનું ભાથું બાંધનાર દરેક લાભાર્થી પરિવારની અનુમોદના.




# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫-ફોન(૦૨૭૬૬)૨૨૦૨૦૩

**મુંબઈ કાર્યાલય:-**
**૫૨૦, પંચરત્ન, ઓપેરાહાઉસ,**
**મુંબઈ - ૪૦૦૦૦૪.**
**ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭**

## શ્રી પાટણ પાંજરાપોળમાં દાનની વર્ષા

**દેવભૂમિ પાટણમાં આજના કપરા કાળમાં ૧૬૦ વર્ષ જૂની પાટણ પાંજરાપોળમાં પૂણ્યશાળી દાતાઓએ દાનની વર્ષા કરી છે.**

**જૈન શાસ્ત્ર અનુસાર જે વ્યક્તિ ભૂખ્યા પશુઓને ઘાસચારો આપે છે, તેને સુવર્ણના મેરુ પર્વતના દાન જેટલું પૂણ્ય પ્રાપ્ત થાય છે, જ્યારે આપણે પશુની સેવા કરીએ છીએ ત્યારે હિન્દુ ધર્મના વિધાન પ્રમાણે ૩૩ કરોડ દેવ-દેવીઓ આકાશમાંથી આશીર્વાદ વરસાવે છે.**

**પાટણ પાંજરાપોળમાં તરતના જન્મેલા, માંદા તથા વૃદ્ધ પશુ મળી લગભગ ૨૦૦૦થી વધુ પશુઓની સંભાળ રાખવામાં આવે છે.**

**થોડા સમય પહેલા અમે પ્રતિબિંબમાં પાટણમાં ખલીપુર પાંજરાપોળ ખાતે ચાર કમાન (તક્તી સાથે) મુકવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેમાં દરેક કમાન દીઠ રૂા. ૨૧ લાખનો નકરો રાખવામાં આવ્યો હતો. અમને જણાવતા હર્ષ થાય છે કે નીચે જણાવેલ આપણા સમાજના પૂણ્યશાળી પરિવારોએ આ લાભ લેવાનું નક્કી કર્યું છે તેઓને બિરદાવતા હર્ષ અનુભવાય છે.**

**(૧) શ્રીમતી લીલાવતીબેન જયંતિલાલ ચુનીલાલ શાહ (ઝભલાવાળા)** — **ખેતરવસી**
**(૨) શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ** — **ચીતારાની ખડકી**
**(૩) સ્વ. શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ તથા શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ તરફથી શ્રીમતી શારદાબેન મહાસુખલાલ અમૃતલાલ શાહના સ્મરણાર્થે** — **અબજી મહેતાનો પાડો**
**(૪) શ્રીમતી હસુમતીબેન અરવિંદભાઈ ગીરધરલાલ શાહ** — **મલ્લાતનો પાડો**

**આ તક્તીઓની અનાવરણ વિધિ તા. ૧૪-૧૨-૨૦૧૯ને શનિવારે સવારે ૯ કલાકે કરવામાં આવશે. આ ઉપરાંત છેલ્લા લગભગ ૨ વર્ષથી પાંજરાપોળમાં નિયમિતપણે ઘાસનું દાન આપનાર ખેડૂતોનું પણ જાહેર સન્માન કરવામાં આવશે આ પ્રસંગે આપ સૌને હાજર રહેવા આગોતરું આમંત્રણ આપવામાં આવે છે.**

ADVT

# સાભાર સ્વીકાર

**સમાજ ઉત્કર્ષ/સિનિયર સીટીઝન/દિવ્યાંગ/શિક્ષણ/મેડિકલ સહાય ભેટ**

૫,૦૦,૦૦૦/- બાબુ સાહેબ નાનકચંદજી પુરણચંદજી ટ્રસ્ટ
૪,૦૦,૦૦૦/- બાબુ જીવણલાલ પનાલાલ ટ્રસ્ટ
૨,૦૦,૦૦૦/- પનાલાલ પુનમચંદ ચેરિટેબલ ફંડ
કુલ રૂા. ૧૧,૦૦,૦૦૦/- (ખજુરીનો પાડો)

**શતાબ્દી ઉજવણી ભેટ :**

૫,૦૦,૦૦૦/- શ્રી દિનેશભાઈ શાંતિલાલ પોપટલાલ શાહ (પોળની શેરી)

**ઝભલાવાળા મેમોરિયલ કેન્સર રિલિફ ફંડ :**

૧,૫૦,૦૦૦/- સ્વ. શ્રીમતી હંસાબેન પ્રફુલભાઈ ઝભલાવાળાના સ્મરણાર્થે (ખેતરવસી)
૫૦,૦૦૦ શ્રી ધીરેનભાઈ જયંતિલાલ શાહ
૫૦,૦૦૦ શ્રી નરેનભાઈ જયંતિલાલ શાહ
૫૦,૦૦૦ શ્રી હર્ષદભાઈ જયંતિલાલ શાહ

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૧,૨૫,૦૦૦/- ડૉ. યશવંતભાઈ હરીલાલ ઝવેરી (બ્રાહ્મણવાડો)
૧૭,૦૦૦/- શ્રી જિતેન્દ્રભાઈ કે. શાહ

**વિદ્યાલય અમૃત મહોત્સવ ઉજવણી ભેટ :**

૧,૫૧,૦૦૦/- શ્રી જતીનભાઈ પોપટલાલ શાહ (કનાસાનો પાડો)
૧૧,૦૦૦/- શ્રી શાંતિલાલ પુનમચંદ શાહ (ખેતરવશી)
હ. શ્રી દિલેશભાઈ શાંતિલાલ શાહ
શ્રીમતી મૃદુલાબેન પ્રફુલભાઈ શાહ
શ્રીમતી સુધાબેન તથા
શ્રીમતી દિપીકાબેન પ્રદિપભાઈ શાહ

**મેડિકલ તથા શિક્ષણ સહાય ભેટ :**

૯૦,૦૦૦/- શ્રી ચંદ્રકાન્તભાઈ મનસુખલાલ શાહના ૯૦મી જન્મદીનની ખુશાલી નિમિત્તે (અબજી મહેતાનો પાડો)

**મેડિકલ સહાય ભેટ :**

૫૧,૧૧૧/- સ્વ. શ્રીમતી રંજનબેન પ્રવિણભાઈ સનાલાલ શાહ પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે (અબજી મહેતાનો પાડો) હ. શ્રી સમીરભાઈ પ્રવીણભાઈ શાહ તથા શ્રીમતી વૈશાલીબેન ધર્મેશભાઈ પંચાલ
૫૦૦૦/- શ્રી વિજયકુમાર જશવંતલાલ શાહ (વસાવાડો) સ્વ. શ્રીમતી પદમાબેન જશવંતલાલ શાહના આત્મશ્રેયાર્થે
૫,૦૦૧/- સ્વ. શ્રીમતી કુસુબેન શાંતિલાલ શાહની પુણ્યતિથિ નિમિત્તે શ્રાવણ સુદ૧.(મારફતિયા મહેતાનો પાડો) હ. શ્રી પુલકીતભાઈ, શ્રી નીશાબેન, શ્રી નિકીતાબેન, શ્રી જાનવીબેન

**સિનિયર સીટીઝન કોરપસ ફંડ :**

૨૫,૦૦૦/- શ્રી શ્રેયશભાઈ વિક્રમભાઈ પ્રેમચંદ શાહ (મારફતિયા મહેતાનો પાડો)

**વૃદ્ધજન સહાય ભેટ :**

૧૫,૦૦૦/- શ્રી શૈલેષભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો)
૫,૦૦૧/- સ્વ. શ્રીમતી કુસુમબેન શાંતિલાલ શાહની પુણ્યતિથિ નિમિત્તે શ્રાવણ સુદ ૧ (મારફતિયા મહેતાનો પાડો) હ. શ્રી નીતિનભાઈ, શ્રી મૃદુલાબેન, શ્રી ઉર્વીબેન

**શિક્ષણ સહાય ભેટ :**

૧૧,૦૦૦/- શ્રીમતી સવીતાબેન પનાલાલ પુનમચંદ શાહના સ્મરણાર્થે (મહાદેવાજીની શેરી) હ. શ્રીમતી વીણાબેન, શ્રીમતી મીનાબેન અને શ્રીમતી માધવીબેન.
૫,૦૦૧/- સ્વ. શ્રીમતી કુસુમબેન શાંતિલાલ શાહની પુણ્યતિથિ નિમિત્તે શ્રાવણ સુદ ૧ (મારફતિયા મહેતાનો પાડો) હ. શ્રી રીતેશભાઈ, શ્રી રોશનીબેન, શ્રી માન્ય, શ્રી નીવેદા

# શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા પોરવાળ | લખિયારવાડો | લતાબેન ચંદ્રકાંતભાઈ વોરા | ૭૭ | કાંદિવલી | ૧૦-૦૬-૧૯ | જેઠ સુદ ૦૮ |
| વિશા પોરવાળ | અબજી મહેતાનો પાડો | રંજનબેન પ્રવીણભાઈ શાહ | ૭૦ | અંધેરી | ૧૩-૦૭-૧૯ | અષાઢ સુદ ૧૨ |
| વિશા શ્રીમાળી | પોળની શેરી | સુશીલાબેન બાલુભાઈ શાહ | ૭૯ | વાલકેશ્વર | ૧૪-૦૭-૧૯ | અષાઢ સુદ ૧૩ |
| વિશા પોરવાળ | નીશાળનો પાડો | માધવી પ્રદિપભાઈ શાહ | ૬૩ | વાલકેશ્વર | ૧૮-૦૭-૧૯ | અષાઢ વદ ૦૧ |
| વિશા શ્રીમાળી | મહાલક્ષ્મી માતાનો પાડો | પુષ્પાબેન રસિકલાલ શાહ | ૮૭ | સાયન | ૨૦-૦૭-૧૯ | અષાઢ વદ ૦૩ |
| દશા શ્રીમાળી | વસાવાડો | પદ્માબેન જશવંતલાલ શાહ | ૮૬ | ગોરેગામ | ૨૪-૦૭-૧૯ | અષાઢ વદ ૦૭ |
| વિશા પોરવાળ | કોકાનો પાડો | જયાબેન કીર્તિભાઈ શાહ | ૮૬ | ગોરેગામ | ૨૫-૦૭-૧૯ | અષાઢ વદ ૦૮ |
| વિશા શ્રીમાળી | મણિયાતી પાડો | પિંકલબેન રૂપેનભાઈ શાહ | ૨૧ | બોરીવલી | ૩૦-૦૭-૧૯ | અષાઢ વદ ૧૩ |
| વિશા શ્રીમાળી | શાંતિનાથની પોળ | ઉમાકાંતભાઈ રતિલાલ શાહ | ૭૪ | બોરીવલી | ૦૬-૦૮-૧૯ | શ્રાવણ સુદ ૦૬ |
| દશા પોરવાળ | ચોધરીની શેરી | તરલાબેન સુરેશભાઈ શાહ | ૭૫ | અંધેરી | ૦૬-૦૮-૧૯ | શ્રાવણ સુદ ૦૬ |
| વિશા શ્રીમાળી | કોકાનો પાડો | અનિલભાઈ મહાસુખલાલ શાહ | ૬૬ | ખેતવાડી | ૦૬-૦૮-૧૯ | શ્રાવણ સુદ ૦૬ |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

### શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત

# શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય-પાટણ

## અમૃત મહોત્સવ

તા. 13th-14th-15th

ડીસેમ્બર 2019

વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીગણ
આચાર્યગણ-શિક્ષકગણ તથા
મંડળના હાદ્દેદારોને
ઉજવણી અવસરે

## પાટણ પધારવા સ્નેહભર્યુ નિમંત્રણ

### ...અમૃત મહોત્સવના મુખ્ય આધાર સ્થંભ...

**શ્રી પાટણ જૈન મંડળ**

**શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ–ભૂતપૂર્વ વિદ્યાર્થી (કુંભારીયા પાડો)**

**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ–ભૂતપૂર્વ વિદ્યાર્થી (કનાશાનો પાડો)**

**શ્રી જતીનભાઈ પોપટલાલ શાહ–ભૂતપૂર્વ વિદ્યાર્થી (કનાશાનો પાડો)**

### ...કાર્યક્રમની રૂપ રેખા...

**દિનાંક ૧૩.૧૨.૨૦૧૯, શુક્રવાર**

સવારે ૮.૩૦ થી ૧૨.૦૦ **'સ્પોર્ટસ ડે'**
વિદ્યાલયના વિદ્યાર્થીઓની રમત-ગમત સ્પર્ધા.

બપોરે ૧૨.૦૦ થી ૧૨.૪૫ **'પારીતોષિક વિતરણ સમારોહ'**
વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ, પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પારીતોષિક અર્પણ

સાંજના ૪.૩૦ થી ૬.૩૦ **'ગુરૂવંદના'**
વિદ્યાલયની ૭૫ વર્ષની શૈક્ષણીક કારકીર્દીના ઘડવૈયા આચાર્યગણ, ઉત્કૃષ્ટ સેવાઓ આપનાર શિક્ષકગણ તથા વર્તમાન શિક્ષકગણનું સ્મૃતિચિન્હ એનાયત દ્વારા અભિવાદન.

**દિનાંક ૧૫.૧૨.૨૦૧૯, રવિવાર**

સવારે ૯.૩૦ કલાકે શ્રી પાટણ જૈન મંડળની શતાબ્દી ઉજવણી નિમિત્તે **'સ્નેહ મિલન સમારોહ'** (આમંત્રિતો માટે)

સાંજે ૫.૩૦ થી ૮.૩૦ **'દાંડીયારાસ-ગરબા'**
ઓરકેસ્ટ્રા તથા DJ ના સથવારે રાસ-ગરબા-ડાન્સનો કાર્યક્રમ.

સાંજે ૮.૩૦ **'આભાર વિધિ'** અમૃત મહોત્સવ સમાપન.

**દિનાંક ૧૪.૧૨.૨૦૧૯, શનિવાર**

સવારે ૮.૩૦ કલાકે **'શોભાયાત્રા'**
વિદ્યાલય મોડલ, પ્રાપ્ત સિદ્ધિઓનું ડીસપ્લે, ભૂતપૂર્વ વિદ્યાર્થી, આચાર્ય-શિક્ષકગણ, આમંત્રિત મહેમાનોની સાથે, બેન્ડવાજા સહીત બગવાડા દરવાજેથી શરૂ થઈ વિદ્યાલય પરિસરમાં જશે.

સવારે ૧૦.૩૦ થી ૧.૦૦ **'અભિવાદન સમારોહ'**
વિદ્યાલયના શિક્ષા-સંસ્કાર થકી વર્તમાનમાં ઉચ્ચ સ્થાને બીરાજમાન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો અભિવાદન સમારોહ.

સાંજે ૪.૩૦ થી ૫.૩૦ **'વિદ્યાલય મુલાકાત'**
અમતૃમહોત્સવે પધારેલા વિદ્યાર્થીઓને વિદ્યાલય કેમ્પસ વિઝીટ તથા ૧૫ મીનીટની **વિદ્યાલય ડોક્યુમેન્ટરી** ફિલ્મનું પ્રસારણ.

સાંજે ૬.૦૦ થી ૯.૦૦ **'સ્પંદન-વાર્ષિકોત્સવ'**
વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા ટેલેન્ટ પરેડ કાર્યક્રમની રજુઆત તથા "સૌરભ" અમૃત મહોત્સવ ગ્રંથનું પ્રકાશન.

નોંધ : બહારગામથી પધારેલ ભૂતપુર્વ વિદ્યાર્થીઓ તેમજ આમંત્રીત મહેમાનો માટે તા.૧૪.૧૨.૨૦૧૯, શનિવારે, બપોરે તથા સાંજે તેમજ તા.૧૫.૧૨.૨૦૧૯, રવિવારે સાંજે સાધર્મિક ભક્તિની વ્યવસ્થા રાખવામાં આવી છે. (અગાઉથી જાણકારી આપી પાસ મેળવવાના રહેશે.)

અમૃત મહોત્સવે પાટણ પધારી અમારા ઉત્સાહને વધારશો, શિક્ષણ-સંસ્કાર પ્રદાન દાતા વિદ્યાલય પ્રત્યેનું ઋણ અદા કરશો.

Postal Regd. No. MCS / O84 / 2018-20 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2019.
PATAN PRATIBIMB • August 2019 • PRICE Rs. 2/- • Published on 20th of every month
• Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

# વિદ્યાલયની અમૃત મહોત્સવ ઉજવણી અંતર્ગત સ્વાતંત્ર દિનની ભવ્ય ઉજવણી



ગત તા. ૧૫-૦૮-૨૦૧૯ના **ગુરુવારના રોજ શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ ખાતે સ્વાતંત્ર દિનની ઉજવણીનું આયોજન** કરાયું હતું.

વિદ્યાલયના પટાંગણને ત્રીરંગા કલરની વિવિધ રચનાઓ દ્વારા સુશોભિત કરાયું હતું. સવારે ૮.૩૦ કલાકે આચાર્યશ્રી, શિક્ષકગણ અને આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિમાં માનદમંત્રી શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ દ્વારા રાષ્ટ્ર ધ્વજને ફરકાવવામાં આવ્યો હતો. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને સ્વચ્છ ભારત, આદર્શ ભારત બનાવવા દેશભક્તિ પ્રેમ કેળવવાની પ્રેરણા કરી હતી. આજના પ્રસંગે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તેમજ ઈન્ટરનેશનલ ટેનીશ ખેલાડી મેઘ ભાર્ગવ પટેલના માતુશ્રી **ગુજરાત રાજ્ય જીજાબાઈ એવોર્ડ મેળવનાર શ્રીમતી વંદનાબેન પટેલ આજના પ્રસંગે મુખ્ય મહેમાન હતા.**

ધ્વજ વંદન કાર્યક્રમ બાદ વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેશ ભક્તિની કૃતિઓ રજુ કરાતાં સૌ ભાવ વિભોર બની ગયા હતા. કાર્યક્રમની સમાપ્તિ પછી સૌને પ્રસાદી આપી મીઠું મો કરાવવામાં આવ્યું હતું. આચાર્યશ્રી ડૉ. બળદેવભાઈ દ્વારા શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ દ્વારા કરેલી તૈયારીઓને બિરદાવી હતી.

# સોમીરા પાટણ પ્રિમિયર લીગ ટુર્નામેન્ટ

શ્રી પાટણ જૈન મંડળની સ્પોર્ટસ સમિતિ દ્વારા છેલ્લા બે વર્ષથી યોજાતી **સોમીરા પાટણ પ્રિમિયર લીગ ટુર્નામેન્ટની માફક જ ચાલુ વર્ષે પણ આયોજન કરવામાં આવેલ છે. જેમાં લગભગ ૧૭૦ ખેલાડીઓએ ભાગ લીધેલ છે.**

ટુર્નામેન્ટમાં મેઈન સ્પોન્સરર ઉપરાંત બીજા સ્પોન્સરરો દ્વારા દર વર્ષની માફક પોતાનું યોગદાન આપવાનું ચાલું રાખવાની ભાવના વ્યક્ત કરવામાં આવેલ છે, હજુ કોઈ દાતાશ્રીને સ્પોન્સરશીપ લેવાની ભાવના હોયતા તા. ૧૫-૦૯-૨૦૧૯ સુધીમાં સ્પોર્ટસ સમિતિના નીચે મુજબના હોદ્દેદારોનો સંપર્ક સાધવા વિનંતી છે.

શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ 9987682551
શ્રી ભાવેશભાઈ સુધીરભાઈ શાહ 9820838667
શ્રી પુનીતભાઈ સૂર્યકાંતભાઈ શાહ 9821734331

નોંધઃ ઓનલાઈન રજિસ્ટ્રેશન બંધ કરવામાં આવેલ છે. રજિસ્ટર્ડ થયેલ ખેલાડીઓએ પોતાનો પાસપોર્ટ સાઈઝનો એક ફોટો તથા રજિસ્ટ્રેશન ફીના રૂા. ૨૦૦૦/- સંસ્થાના કાર્યાલયમાં ભરપાઈ કરવા.

❑ **સ્પોર્ટસ સમિતિ**

**Tentative Programs for Forthcoming Months**

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1. | PJM | Sun | 25 Aug | Shravan V 09 | 10 am to 1 pm | Hindi Vidhyabhavan | Smruti Vyakhyan |
| 2. | PJM | Sun | 24 Nov. | Kartak V 13 | 9 am to 9 pm | NSCI Dome, Worli | Centenary Celebration |
| 3. | Vidhyalay | Fri,Sat,Sun | 13,14,15 Dec. | Mag V. 1,2,3/4 | | Patan | See page no.11 |
| 4. | PJM | Sun | 15 Dec. | Mag V. 3 | 10 am | Patan | Sneh Milan |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,